**આંક–૩૩**

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૯/૦૩/૨૦૦૭ |
| દાખલ તારીખ | ૧૯/૦૩/૨૦૦૭ |
| ફેંસલ તારીખ | ૨૫/૦૯/૨૦૧૯ |
| સમયગાળો | વર્ષ : ૧૨ માસ : ૦૬ દિવસ:૦૬ |

# નામદાર મજૂર અદાલત,અમદાવાદના એકસ ઓફીસીઓ કમિશ્નર ફોર ધી વ. કો. એકટ શ્રી પી.એ.માલવીયા સાહેબ સમક્ષ

**<u>વ. કો. (નોન ફેટલ) કેસ નંબર : ૨૮/૨૦૦૭</u>**

<u>અરજદાર</u> : રમેશભાઈ કરસનભાઈ પરમાર,
રહે.મધુબેનના મકાનમાં, મહાલક્ષ્મી ચવાણાની બાજુમાં,
જેઠાલાલની ચાલી, બહેરામપુરા, અમદાવાદ.

**: <u>વિરૂધ્ધ</u> :**

<u>સામાવાળા</u> : (૧) જશપાલસિંગ (માલિક)
સુરેન્દ્ર એન્જી.કંપની, બી–૧૦૩,
રોયલ ચીનમઈ એપાર્ટમેન્ટ, વસ્ત્રાપુર,
અમદાવાદ.

સામાવાળા નં.૧ ને આંક–૯ ના હુકમ મુજબ કમી કરેલ છે.

(૨) સુરેન્દ્ર એન્જી. કંપની,
૧૫૧૭, મોટી ભોંયણ, તા.કલોલ, જી.ગાંધીનગર.

(૩) રાજુ ચાકુન્ડે (કોન્ટ્રાકટર)
સુરેન્દ્ર એન્જી. કંપની, ૧૫૧૭, મોટી ભોંયણ, તા.કલોલ,
જી.ગાંધીનગર.

(૪) બજાજ એલીયન્સ ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડ,
ઠે.૨૦૪/૨૦૬, ટાઈમ સ્કવેર, પરીસીમા કોમ્પલેક્ષ પાસે,
સી.જી.રોડ, એલીસબ્રીજ, અમદાવાદ–૦૬

<u>હાજર રહયા</u> : અરજદાર તરફે : વિ.વ.શ્રી બી.આર.મિશ્રા.
સામાવાળા તરફે : કોઈ નહીં.

**<u>–:: હુ ક મ ::–</u>**

**૧.** આ કામના અરજદારે વર્કમેન કોમ્પેનસેશન એકટ ૧૯૩૬ અન્વયેની વળતર મેળવવા માટેની સૌપ્રથમ અરજદારે આંક–૧ ની ડીલે–કોન્ડોન અરજી રજુ કરેલ. તેમાં અમારા પુરોગામીશ્રીએ તા.૧૯–૩–૨૦૦૭ ના રોજ ડીલે–કોન્ડોન અરજી મંજુર કરેલ અને કામદાર વળતર અરજી રજીસ્ટર્ડ કરવાનો હુકમ પસાર કરેલ. ત્યારબાદ અરજદારે આંક–૧૧ થી વળતર મેળવવાની હાલની અરજી કરેલ છે, જેની હકીકત એવી છે કે,

અરજદારની આંક–૧૧ ની અરજી જોવામાં આવે તો તેઓએ જણાવે છે કે, તેઓ સામાવાળા કંપનીમાં છેલ્લા એક વર્ષથી કાયમી જગ્યા ઉપર કાયમી કામદાર

તરીકે બિલ્ડીંગ તેમજ સામાવાળાની સુચના મુજબ જે કામગીરી બતાવે તે કામગીરી તેઓ તેમના આદેશ અનુસાર કરતા આવેલ હતા. તેમની નોકરીનો સમય સવારના ૮-૦૦ થી સાંજના ૪-૩૦ કલાકનો હતો તેમજ અલગ ઓવરટાઈમ પણ કરતા આવેલ છે. તેમની કામગીરીનો દૈનિક પગાર રૂા.૧૫૦/- લેખે સામાવાળાઓ ચુકવતા હતાં. વધુમાં જણાવેલ છે કે, અરજદારને સામાવાળાએ તા.૧૦-૧-૦૪ના રોજ સ્વામીનારાયણ કોલેજથી દાણીલીમડા સુધીની પાણીની પાઈપલાઈન ૨૦ ફુટ ઉંડાઈએ નાખવાની કામગીરી ચાલતી હતી. તે કામગીરી તેઓ દાણીલીમડા પો.સ્ટેશન નજીકમાં પાઈપ ફીટીંગનું એટલે કે વેલ્ડીંગની કામગીરી કરવા માટે સામાવાળાની સુચના અને આદેશથી તેઓ ઉંડા ખાડામાં ઉતરેલ. તે કામગીરી તેઓ કરતા હતા ત્યારે સાંજના ૩-૩૦ થી ૪-૦૦ કલાકના સમય દરમ્યાન અચાનક માટીની ભેખડ ધસી પડતા તે ભેખડ નીચે તેઓનો પગ દબાયેલો. જે અકસ્માતની જાણ થતા સામાવાળાના અધિકારી વિરલભાઈ તેમજ અન્ય માણસોએ તાત્કાલીક અસરથી તેઓને બહાર કાઢી નજીકમાં આવેલ ગીરીરાજ ઓર્થોપેડીક હોસ્પીટલમાં સારવાર અર્થે લઈ ગયેલ. જયાં તેઓને ૧૯ દિવસ અંદરના દર્દી તરીકે રાખેલ. ત્યારબાદ પગ ઉપર પ્લાસ્ટર ઓફ પેરીસનો પાટો ૩ મહીના સુધી રાખેલ. આમ તેઓને સદર અકસ્માતના કારણે ડાબા પગના ભાગે ખૂબ જ ગંભીર ઈજાઓ થવાના કારણે કાયમી અપંગતા આવેલી છે. તે અપંગતાના કારણે તેઓ દૈનિક કાર્યવાહી કરી શકતા નથી તેમજ તેમનું રોજી રોટીનું સાધન પણ રહેલ નથી. વધુમાં જણાવેલ છે કે, તેઓને સદર અકસ્માતના કારણે ૬૦ ટકા ઉપરાંતની કાયમી ખોડ ખાંપણ આવેલ છે. તે નુકશાનીના વળતરના નાણા તેઓએ સામાવાળા પાસે રૂબરૂ માંગવા મેળવવા ગયેલ છે, પરંતુ સામાવાળાએ જણાવ્યું કે, તારો વીમો ઉતરાવેલ છે, તેથી તને વીમા કંપની અકસ્માત વળતરના નાણા ચુકવી આપશે. પરંતુ સામાવાળએ તેમજ વીમા કંપનીએ તેઓને વતળરના નાણા ન ચુકવતા તેમના વકીલશ્રી મારફતે લેખીતમાં સામાવાળાને નોટીસ આપેલ, પરંતુ ઉપરોકત કામના સામાવાળાઓએ તેઓને વળતરના કોઈપણ નાણા ચુકવી આપેલ નથી તેમજ દવા ખર્ચના નાણા પણ ચુકવી આપેલ નથી. વધુમાં જણાવેલ છે કે, સામાવાળાને નોટીસ બજેલ હોવા છતાં વળતરના નાણા ચુકવેલ નથી, તેથી સામાવાળાઓ પાસેથી રૂા.૨,૨૦,૦૦૦/- તેમજ દવા ખર્ચના રૂા.૫૦,૦૦૦/- એમ કુલ મળી રૂા.૨,૭૦,૦૦૦/- પુરા અકસ્માત તારીખથી ૧૮% ચક્રવૃધ્ધિ વ્યાજ સહીત તેમજ ૫૦% પેનલ્ટી સહીત

અરજદાર સામાવાળા પાસેથી મેળવવા કાયદેસર હકકદાર બનેલ છે, તેથી તે વળતર મેળવવા તેઓ હાલની અરજી કરવાની જરૂર પડેલ છે. જેથી અરજદારની સામાવાળાઓની કામગીરી કરતાં અકસ્માત થયેલ હોઈ અકસ્માત વળતરના નાણા ૬૦% નુકશાની હિસાબે રૂા.૨,૨૦,૦૦૦/– તેમજ રૂા.૫૦,૦૦૦/– દવા ખર્ચના એમ મળી કુલ રૂા.૨,૭૦,૦૦૦/– પુરા તેમજ તેની ઉપર અકસ્માત તારીથી ૧૮% ચક્રવૃધ્ધિ વ્યાજ અને ૫૦% પેનલ્ટી સહીત સામાવાળા તેઓને ચુકવી આપે તેવો હુકમ કરવા તથા અરજીના ખર્ચ પેટે રૂા.૫,૦૦૦/– અલગથી અપાવવા અરજ કરેલ છે.

૨. આ કામમાં સામાવાળાઓને આંક–૪ થી નોટીસ કરવામાં આવેલ, જે પૈકી સામાવાળા નં.૧ ની નોટીસનું કવર 'લેફ્ટ' ના શેરા સાથે પરત આવેલ છે, જયારે સામાવાળા નં.ર અને ૩ ને આંક–૬ અને આંક–૭ ની એકનોલેજમેન્ટની બજવણી થયેલ છે. તેમ છતાં સામાવાળા તરફે કોઈ હાજર રહેલ ન હોઈ તેઓનો અરજદારની આંક–૮ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ જવાબનો હકક બંધ થયેલ છે.

૩. ત્યારબાદ અરજદારે આંક–૯ ની અરજીથી સામાવાળા નં.૧ અને સામાવાળા નં.ર સંસ્થાના માલીક અને કર્તાહર્તા એક જ હોઈ સામાવાળા નં.૧ ને કમી કરવા અરજ કરેલ છે. જે આંક–૯ ની અરજી નીચે થયેલ હુકમ મુજબ સામાવાળા નં.૧ ને અમારા પુરોગામીશ્રીએ કમી કરવાનો હુકમ કરેલ છે. ત્યારબાદ સામાવાળાઓને આંક–૧ર થી નોટીસ કરવામાં આવેલ, જે નોટીસનુ કવર સામાવાળા નં.૧ નું 'લેફ્ટ' ના શેરા સાથે પરત આવેલ તથા સામાવાળા નં.ર અને ૩ ને રજી.એ.ડી.થી નોટીસની બજવણી થયેલ છે. ત્યારબાદ સામાવાળા નં.ર એ આંક–૧૭ થી અરજી આપીને 'બજાજ એલીયાન્ઝ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી.' ને પક્ષકાર તરીકે જોડવાની અરજી આપેલ હતી અને ત્યારબાદ અમારા પુરોગામીશ્રીએ વીમા કંપનીને પક્ષકાર તરીકે જોડવાનો હુકમ તા.ર૩–૪–૦૯ ના રોજ કરેલ હતો. ત્યારબાદ આંક–ર૬ થી વીમા કંપની તરફેથી લેખીત જવાબ રજુ થયેલ છે. જેમાં અરજદારની અરજીની વિગતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા નં.૧ નાએ વર્કમેન હેઠળ વીમાની પોલીસી લીધેલ હતી. તે વીમા પોલીસીનો સમયગાળો તા.૧ર–૧ર–૦૩ થી ૧૧–૧ર–૦૪ સુધીનો હતો અને તે પોલીસી સામાવાળા નં.૧ ના કબજામાં છે, જેથી સામાવાળા નં.૧ અસલ વીમા પોલીસી

કોર્ટ સમક્ષ રજુ કરે તેવું કથન કરેલ છે અને જો તેઓ રજુ કરવામાં નિષ્ફળ જાય તો વીમા કંપની પોલીસીની નકલ રજુ કરશે. વધુમાં જણાવેલ છે કે, અરજદાર ડબલ્યુ.સી. એકટ અન્વયે સામાવાળા નં.૧ ના કામદાર ન હતાં અને તે સંજોગોમાં તેઓ અકસ્માતની હકીકત પુરવાર કરે તો પણ કોઈપણ જાતનું વળતર મેળવવા હકકદાર નથી. વધુમાં તેઓ ધ્વારા ઈસ્યુ કરેલ પોલીસીમાં સામાવાળા નં.૧ ના સબ–કોન્ટ્રાકટરના કામદારોનું રીસ્કનો સમાવેશ થતો નથી. તે સંજોગોમાં વીમા કંપની અરજદારને કોઈપણ પ્રકારનું વળતર ચુકવવા જવાબદાર નથી. વધુમાં જણાવેલ છે કે, વીમા કંપની ધ્વારા રૂા.૮,૦૩૫/– પોલીસીના ટર્મ્સ એન્ડ કન્ડીશન મુજબ તેમજ વર્કમેન કોમ્પેનસેશન એકટની જોગવાઈ મુજબ ચુકવેલી છે અને અરજદારે તે રકમ વાંધા વગર સ્વીકારેલ છે. તે સંજોગોમાં વીમા કંપની હવે વધુ કોઈપણ રકમ ચુકવવા માટે કાયદા મુજબ કે પોલીસી મુજબ જવાબદાર નથી. વધુમાં વીમા પોલીસી મુજબ ખરેખર સારવારનો જે ખર્ચ થયેલ હોય તેના ૪૦% ની રકમ ચુકવવા વીમા કંપની જવાબદાર છે અને તે મુજબ સારવારના બીલો ધ્યાને લઈને રૂા.૮,૦૩૫/– ચુકવવામાં આવેલ છે. તે સંજોગોમાં વીમા કંપની સારવારનો ખર્ચ ચુકવવા માટે પણ જવાબદાર નથી, જેથી અરજદારની વળતર અરજી રદ કરવા અરજ કરેલ છે.

**૪.** ત્યારબાદ આ કામમાં અરજદાર તરફેથી લાંબા સમય સુધી મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ ન હોઈ, જેથી નાછુટકે તા.૧૯–૭–૧૯ ના રોજ તેઓનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. તે સંજોગોમાં અરજદાર તરફેથી હાલના કેસમાં કોઈ મૌખિક પુરાવો ઈસ્યુ ફ્રેમ થયા બાદ રજુ કરેલ નથી. પરંતુ અરજદાર તરફેથી આંક–૧૬ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજો પુરાવાઓ રજુ કરેલ છે.

| ક્રમ | દસ્તાવેજની વિગત | માર્ક / આંક |
|---|---|---|
| ૧) | સામાવાળાને આપેલ નોટીસ | ૧૬/૧ |
| ૨) | એકનોલેજમેન્ટ રસીદ | ૧૬/૨ |
| ૩) | આવકનું પ્રમાણપત્ર | ૧૬/૩ |
| ૪) | ચુંટણી કાર્ડની નકલ | ૧૬/૪ |

**૫.** આ કામમાં સામાવાળા નં.૨ થી ૪ તરફેથી પુરાવાના તબકકે કોઈ હાજર રહેલ ન હોઈ, તેમનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે તેમજ દલીલના તબકકે પણ કોઈપણ પક્ષકાર હાજર ન હોઈ, દલીલના હકકો પણ બંધ થયેલ છે.

**૬.** આ કામમાં હાલના કેસના ન્યાય નિર્ણય માટે આંક–૨૯ થી મુદ્દાઓ ફ્રેમ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

**:: ISSUES ::**

(1). Whether the applicant prove that he was the workman / employee of the opponents?

(2). Whether the applicant proves that he has received injuries due to the accident which had occurred due to and during the course of his employment with the opponents?

(3). What is the percentage of physical disability and loss of earning capacity which the applicant received due to the accident?

(4). What was the age and monthly wages of the applicant at the time of accident?

(5). Whether the applicant is entitle for compensation? If yes, what amount?

(6). Whether the applicant is entitle for interest? If yes, at what rate?

(7). Whether the applicant is entitle for penalty? If yes, what amount?

(8). What order?

**૭.** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) નકારમાં.

(૫) નકારમાં.

(૬) નકારમાં

(૭) નકારમાં.

(૮) આખરી હુકમ મુજબ.

૮. ઉપરોકત મુદ્દાઓના મારાના જવાબના કારણો નીચે મુજબ છે.

**-:: કા ર ણો :: -**

૯. **મુદ્દા નં.(૧) થી (૭)::-**

આ કામમાં તમામ મુદ્દાઓની હકીકત એકબીજા સાથે સંકળાયેલ હોઈ, તેની ચર્ચા પુનરાવર્તન ટાળવાના હેતુસર એકીસાથે કરવામાં આવે છે. આ કામમાં તમામ મુદ્દાની હકીકતો પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી અરજદાર ઉપર રહેલી છે. આ કામમાં અરજદારે તેમની વળતર અરજીમાં તેઓ સામાવાળાને ત્યાં એક વર્ષથી કાયમી કામદાર તરીકે બિલ્ડીંગ તેમજ સામાવાળાની સુચના મુજબ જે કામગીરી બતાવે તે કરતા હતાં. તેમજ તા.૧૦-૧-૨૦૦૪ ના રોજ સ્વામીનારાયણ કોલેજથી દાણીલીમડા સુધીની પાણીની પાઈપલાઈન ૨૦ ફુટ ઉંડાઈએ નાખવાની કામગીરી ચાલતી હતી, તે દરમ્યાન તેઓ વેલ્ડીંગની કામગીરી સામાવાળાની સુચનાથી કરવા માટે ખાડામાં ઉતરેલ, ત્યારે સાંજના ૩-૩૦ થી ૪-૦૦ કલાકના સમય દરમ્યાન અચાનક માટીની ભેખડ ધસી પડતા તેમનો પગ ભેખડ નીચે દબાઈ ગયેલો. ત્યારબાદ સામાવાળાના અધિકારી વિરલભાઈ તેમજ અન્ય માણસોએ તેઓને બહાર કાઢી નજીકમાં આવેલ ગીરીરાજ ઓર્થોપેડીક હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા, જયાં તેઓને ૧૯ દિવસ અંદરના દર્દી તરીકે રાખેલા અને તેઓને ડાબા પગમાં ૬૦% ઉપરાંતની કાયમી ખોડ પણ આવેલ તેમ જણાવીને વળતર પેટે રૂા.૨,૨૦,૦૦૦/-, સારવાર ખર્ચના રૂા.૫૦,૦૦૦/- ૧૮% ના ચક્રવૃધ્ધિ વ્યાજ સહીત તેમજ ૫૦% પેનલ્ટીની રકમની માંગણી કરેલ છે.

આ કામમાં આંક-૨૯ થી જે મુદ્દા ફ્રેમ થયેલ છે તે તમામ મુદ્દાની હકીકત પુરવાર કરવાનો બોજો અરજદાર ઉપર રહેલો છે. તે માટે અરજદારે વળતર અરજી સાથે આંક-૧૬ થી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ, જેમાં સામાવાળાને આપેલ નોટીસ, તેની એકનોલેજમેન્ટ રસીદ તેમજ પોતાનું આવકનું પ્રમાણપત્ર અને ચુંટણીકાર્ડની નકલ રજુ કરેલ છે. આ દસ્તાવેજો ઉપરથી અરજદાર સામાવાળાને ત્યાં કલેઈમ અરજીમાં જણાવ્યા મુજબ કામગીરી કરતા હતાં અને તેઓ જણાવે છે તે તારીખે તેઓને અકસ્માત થતાં ડાબા પગમાં કાયમી અપંગતા આવેલ હોવાની હકીકત પુરવાર થતી નથી. વધુમાં અરજદારે આ કામમાં તે દસ્તાવેજોની હકીકત પુરવાર કરવા માટે પણ કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી. આ કામમાં

સામાવાળા નં.૪ વીમા કંપનીએ લેખીત જવાબ રજુ કરેલ છે અને તેઓએ અરજદારની વળતર અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે, ત્યારે આ સંજોગોમાં અરજદારે તેઓ સામાવાળાના કામદાર હોવાનું તેમજ તા.૧૦–૧–૦૪ ના રોજ સામાવાળાની સુચના મુજબ કામ કરતા હતા તે દરમ્યાન ફરજના ભાગરૂપે અને ફરજમાંથી ઉત્પન્ન થયેલ અકસ્માતના કારણે તેઓને ઈજા થયેલ હોવાનું અને તે ઈજાના કારણે તેઓની કમાવવાની ક્ષમતામાં ઘટાડો થયેલ હોવાની હકીકત મૌખિક અને દસ્તાવેજી પુરાવા આધારે પુરવાર કરવી પડે તેમજ અકસ્માત સમયેની તેઓની ઉંમર અને માસીક આવકની હકીકત પણ પુરવાર કરવી પડે. પરંતુ અરજદાર ઉપરોકત તમામ હકીકતો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે, જેથી તેઓ મુદ્દા નં.(૧) થી (૪) ની હકીકતો પુરવાર કરી શકેલ નથી અને તે સંજોગોમાં મુદ્દા નં.(૫) થી (૭) માં જણાવ્યા મુજબ વળતર, વ્યાજ કે પેનલ્ટીની રકમ મેળવવા હકકદાર બનતા નથી. જેથી તમામ મુદ્દાઓની જવાબ **નકારમાં** આપવામાં આવે છે અને તે સંજોગોમાં મુદ્દા નં.(૮) અંગે આખરી હુકમ નીચે મુજબ ન્યાયના હીતમાં કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામના અરજદારનો ડબલ્યુ.સી.(ફેટલ) કેસ નં.૨૮/૨૦૦૭ નો આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમની જાણ આ કેસના તમામ પક્ષકારોને કરવી.

હુકમ આજ રોજ તારીખ–૨૫મી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૧૯ ના રોજ ખુલ્લાં ન્યાયાલયમાં વાંચી–સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

---

તારીખ : ૨૫–૦૯–૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

**(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીચા)**
**CODE : GJ00837**
**કમિશ્નર,**
**એમ્પ્લોઈ કોમ્પેનસેશન એકટ,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

J.B.KUNJERA,P.A.